RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 250* Date: 07.07.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારતે પ્રચંડ લશ્કરી તાકાતનું પ્રદર્શન કરતા ચીન ફફડયું

# ગલવાન ઘાટી: અંતે ચીની સૈનિકો ૧.૫ કિમી પાછળ હટ્યા

ન્યુ દિલ્હી,તા.૬

ભારત-ચીન વચ્ચે ૧૫ જૂનની હિંસક ઝપાઝપી પછી બંને દેશો વચ્ચે થયેલી ડિપ્લોમેટિક અને આર્મી લેવલની બેઠકોના છેલ્લા ૪૮ કલાકોથી ચાલતા સતત પ્રયત્નો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લેહ મુલાકાતે રંગ લાવ્યાં હોય તેમ ચીનના સૈનિકો લાઇન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ પર તેમની તરફ ૧.૫ કિમી પાછળ ખસી ગયા છે. એક રીતે જોતા ચીનની પીછેહઠ થઈ છે અને આ તણાવમાં ભારતનો હાથ ઉપર રહ્યો છે. જે ભારતની જીત સમાન માનવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુક્રવારની અચાનકલેહ- લદ્દાખ મુલાકાત પછી બંને દેશો વચ્ચે તણાવ ઓછો કરવાના પ્રયાસો હાથ ધરાયા હતા. મોદીએ લદ્દાખ



સરહદેથી નામ લીધા વગર ચીનને પડકાર આપ્યો હતો કે તેણે વિસ્તારવાદી નીતિ છોડી દેવી જોઈએ.

સૂત્રોના હવાલાથી જાણકારી આપી છે કે NSA અજિત ડોભાલ અને ચીની વિદેશ મંત્રી વાંગ યીની વચ્ચે થયેલી વાતચીત સૌહાદપૂર્ણ અને દૂરદર્શિતા પર આધારિત હતી. સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે બંને વચ્ચે પૂર્ણ શાંતિ સ્થાપવી અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને, તેના માટે સાથે મળી કામ કરવાની વાત થઈ છે.

પૂર્વ લદાખની ગલવાન ખીણમાં જ્યાં બંને સેનાઓ વચ્ચે હિંસક અથડામણ થઇ હતી ત્યાથી હવે ચીની સેના પાછી હટી ગઇ છે. સુત્રોની જાણકારી મુજબ બંને દેશોની સેના આ હિંસક અથડામણ વાળી જગ્યાએથી ૧.૫ કિલોમીટર પાછળ ગઇ છે. જે સંભવત ગલવાન ખીણ સુધી સીમિત છે. હવે આ વિસ્તાર બફર ઝોન બની ગયો છે. જેથી આગળ કોઇ હિંસક અથડામણ ના થાય. આ સિવાય બે અન્ય જગ્યાએથી પણ ચીની સેના પાછી ગઇ છે. બંને પક્ષે અસ્થાઇ તંબૂ અને કનસ્ટ્રક્શન પણ હટાવવામાં આવ્યા છે. ભારત અને ચીની સૈનિકોના પાછા જવાની વાતને ફિઝિકલ વેરિફિકેશન પણ કરવામાં આવ્યું છે સૂત્રો મુજબ બંને દેશોની સેનાઓએ રિલોકેશન પર સંમતિ દાખવી છે અને બંને સેનાઓએ વિવાદિત સ્થાનથી પીછેહઠ કરી છે.

જો કે બીજી તરફ પૈંગોગ તળાવ પાસે બંને દેશોની સેનાએ પીછેહટ કરી નથી. ભારતીય સેના અહીં પીછેહટ એટલા માટે નથી કરવા માંગતી કારણ કે ભારતીય સેના ફિંગર ૪માં છે આ વિસ્તાર હંમેશાથી ભારતના કંટ્રોલમાં રહ્યો હતો. ભારતે ફિગર ૮ પર એલએસી હોવાનો દાવો કર્યો છે. તેવામાં મંગળવારે ચુશૂલમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે કમાન્ડર સ્તર બેઠકનો કોઇ ઉકેલ નથી આવ્યો.

સૂત્રોએ કહ્યું કે ૧૫ જૂનના રોજ ભારતના લદાખ પ્રદેશમાં ગલવાન ખીણ વિસ્તારમાં ચીન અને ભારતના સાનિકો વચ્ચે હિંસક અને લોહિયાળ અથડામણ થઇ હતી. જેમાં ભારતના ૩૦ સૈનિકો શહીદ થયા હતા તો ભારતના શૂરવીર જવાનોએ પણ ચીનના ૪૦ સાનિકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. આ ઘટનાને પગલે સરહદે ભારે તંગદીલી સર્જાઈ હતી. ભારતે પણ તેનો જડબાતોડ જવાબ આપવા લદાખમાં વિમાનો અને ૨૦ હજાર સૈનિકો તૈનાત કર્યા છે.

બીજી તરફ, ૩૦ જૂને બંને દેશોના આર્મી ઓફિસર્સ વચ્ચેની મીટિંગમાં વિવાદવાળા વિસ્તારોમાંથી સૈનિકોએ પીછે હટ કરવા માટે સહમતી દર્શાવી હતી. જોકે ગલવાનના ઉંડાઈ વાળા વિસ્તારમાં ચીનની બખ્તરબંધ સૈન્ય વાહનો અત્યારે પણ હાજર છે. ભારતીય સેનાની સ્થિતિ ઉપર સતત નજર છે.

ત્રણ મહિનાથી ચાલી રહેલા આ વિવાદમાં ભારતે ડ્રેગનને સામરિક, આર્થિક અને રાજદ્વારી મોરચે ગંભીર ઈજા પહોંચાડી છે. ડીજીટલ સ્ટ્રાઈક કરીને ટીકટોક સહિતના ૫૯ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારી કામોમાંથી ચીનની બાદબાકી થઈ રહી છે. જો કે, તેમ છતાં ચીન તેની હરકતોથી બાજ ન આવતા હવે મોદી સરકાર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને આ મોરચે લગાવી શકે છે. સૂત્રો મુજબ ભારત, ચીન વિવાદના ઉકેલની જવાબદારી ડોભાલને સોંપવામાં આપી શકે છે. જો એવું થાય તો જોવાનું રહેશે કે પોતાની યોજનાઓથી પાકિસ્તાનને દર વખતે ધૂળ ચટાવનાર ડોભાલ ડ્રેગનને કેવી રીતે કાબુમાં લેશે.

લદ્દાખમાં ભારતે ૩૦ હજાર વધુ જવાન તહેનાત કર્યા છે. તેમને ઠંડીથી બચાવવા માટે ઈમરજન્સી ઓર્ડર આપવામાં આવ્યાં છે. સેનાના સીનિયર ઓફિસર્સનું માનવું છે કે, ચીન સાથેનો તણાવ લાંબો ચાલી શકે છે, તેથી સ્પેશિયલ ટેન્ટ્સની જરૂર પડી શકે છે. એક અહેવાલ પ્રમાણે, ચીને પણ તેમના સૈનિકોને ખાસ પ્રકારના ટેન્ટ્સમાં શિફ્ટ કરવાનું શરૂ કરી દીધું છે.

ભારતીય સેના તેમની અલ્ટ્રા લાઈટ હોવ્તિઝર તોપ (M-777) માટે વધારે ગોળા ખરીદશે. આ તોપ વજનમાં એટલી હલકી છે કે, તેને સરળતાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ શિફ્ટ કરી શકાય છે.

### દુનિયામાં સૌથી વધુ કેસ મામલે અમેરિકા,બ્રાઝિલ બાદ ભારત ત્રીજા સ્થાને

# કોરોના વકર્યો: ૨૪ કલાકમાં ૨૪ હજારથી વધુ કેસ,૪૨૦ના મોત

## દેશમાં કોરોનાના કેસ સાત લાખની નજીક અને મૃત્યુઆંક પણ ૨૦ હજારને પાર થવાની તૈયારીમાં

**ન્યુ દિલ્હી,તા.૬**

દેશમાં અનલોક-૨ના પાંચમા દિવસે રવિવારે કોરોનાના ફરીથી ૨૪ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. તે અગાઉ શનિવારે સૌથી વધારે ૨૫ હજારની નજીક ૨૪,૮૫૦ કેસો નોંધાયા હતા. તો રવિવારે પણ ૨૪,૨૪૮ જેટલા કેસો નોંધાયા હતા. આમ સતત બીજા દિવસે કેસનો આંકડો ૨૪ હજાર પર સ્થિર થયો હોય તેમ જણાય છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૫,૮૨૬ દર્દી સાજા થયા છે, જ્યારે ૪૨૦ લોકોના મોત થયા છે. તો બીજી તરફ કેરળે લોકડાઉનના નિયમો જુલાઈ ૨૦૨૧ સુધી લંબાવતાં બીજા રાજ્યો પણ સંક્રમણને રોકવા તે મુજબ લોકડાઉનના નિયમો લંબાવે તેવી શક્યતા જોવામાં આવી છે. કેમ કે સંક્રમણનો રોગ જલ્દીથી ખત્મ થાય તેમ નથી. એમ નિષ્ણાતો માની રહ્યાં છે. દિલ્હીમાં દુનિયાની સૌથી મોટી કોવિડ કેર કામચલાઉ હોસ્પિટલ પણ શરૂ થઇ છે. તેથી અન્ય હોસ્પિટલો પર ભારણ ઘટશે. દરરોજ લગભગ ૨૪ હજાર દર્દી વધી રહ્યા છે, તે જોતાં એવા અનુમાનો વ્યક્ત થઇ રહ્યાં છે કે જો આ જ રીતે કેસો વધશે તો ઓગસ્ટમાં દરરોજ ૧ લાખ કેસ આવી શકે. અલબત, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા કોરોનાના સંક્રમણને રોકવા માટેના અનેકવિધ પગલાં લેવાઈ રહ્યાં છે. દરમ્યાન, આજથી તાજમહલ સિવાયના અન્ય જોવાલાયક અને પુરાતન સ્થળો પર્યટકો માટે ખુલ્લા મૂકાયા હતા.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા રવિવારના કેસો સાથે વધીને ૬ લાખ ૯૭ હજાર ૧૦૧ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૪,૨૪૮ દર્દી વધ્યા છે. હવે દરરોજ આવી રહેલા કેસની સંખ્યા ૨૩ દિવસમાં બમણી થઈ રહી છે. જો આ જ ગતિએ કેસો વધશે તો મહિનાના અંત સુધી ૫૦ હજાર અને આગામી મહિનાના ત્રીજા સપ્તાહમાં ૧ લાખ દર્દી પ્રતિદિવસ વધી શકે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૫,૮૨૬ દર્દી સાજા થયા છે, જ્યારે ૪૨૦ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૬૫૫૫ કેસ આવ્યા છે.

આ સાથે જ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ નિર્ણય કર્યો છે કે તાજમહેલને હાલ પર્યટકો માટે નહીં ખોલવામાં આવે. જીલ્લામાં કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાયો છે. પર્યટક સ્થળોને આજે પ્રવાસીઓ માટે ખુલ્લા મૂકાશે

ભારતમાં કોરોના વાઈરસના કેસ રવિવારે રશિયા કરતા વધી ગયા છે. અહીંયા ૬.૯૭ લાખથી વધુ દર્દી થઈ ગયા છે, જ્યારે રશિયામાં ૬.૮૧ લાખ દર્દી છે. આ સાથે ભારત દુનિયામાં ત્રીજો સૌથી સંક્રમિત દેશ બની ગયો છે.જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૮૦ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૩૫૦ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૪૨૪૪૩૩ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના સક્રિય કેસ કરતા વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૪૨૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૧૯૬૯૩ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૨૫૩૨૮૭ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૨૦૬૬૧૯ કેસ નોંધાયા છે જ્યારે ૮૮૨૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૧૧૫૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૫૧૦ લોકોના મોત થયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૯૯૪૪૪ કેસ નોંધાયા છે જ્યારે ૩૦૬૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.

### બે કેસ સામે આવતા હાઈએલર્ટ જાહેર

# ચીનમાં હવે ખતરનાક બીમારી 'બ્યુબોનિક પ્લેગ' ફેલાવાનો ખતરો

બીજિંગ,તા.૬

ચીન પર કોરોના વાયરસ બાદ વધુ એક ખતરનાક અને જીવલેણ બીમારી ફેલાવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. આ બીમારીથી પહેલા પણ લાખો લોકો મૃત્યુ પામ્યા છે, આ બીમારનું નામ છે બ્યુબોનિક પ્લેગ. ત્યાંના એક સ્થાનિક મીડિયાના રિપોર્ટ પ્રમાણે, ઉત્તર ચીનના એક શહેરમાં બ્યુબોનિક પ્લેગનો શંકાસ્પદ કેસ નોંધાયો છે. રાજ્ય સંચાલિત પીપલ્સ ડેઈલી ઓનલાઈનના રિપોર્ટ પ્રમાણે, ચીનના મંગોલિયામાં સ્વાયત્ત ક્ષેત્રના બયન્નુરમાં પ્લેગને રોકવા અને અંકુશમાં લાવવા માટે ચેતવણી આપવામાં આવી છે.

બ્યુબોનિક પ્લેગનો શંકાસ્પદ કેસ શનિવારે બયન્નુરમાં આવેલી એક હોસ્પિટલમાં નોંધાયો હતો. સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે, ચેતવણીનો સમયગાળો ૨૦૨૦ના અંત સુધી રહેશે. 'શહેરમાં હાલમાં બ્યુબોનિક પ્લેગ ફેલાવાનો ખતરો છે. લોકોએ પોતાની સ્વ-સુરક્ષા અંગેની જાગૃતિ અને ક્ષમતામાં સુધારો કરવો જોઈએ. જો કોઈપણ તકલીફ જણાય તો પણ તરત જ ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ', તેમ સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું.

પહેલી જુલાઈએ રાજ્ય સંચાલિત ઠેહરેક્ઠ ન્યૂઝ એજન્સીએ કહ્યું હતું કે, મંગોલિયાના ખોવડમાં બ્યુબોનિક પ્લેગના બે શંકાસ્પદ કેસોની પુષ્ટિ લેબ ટેસ્ટ રિઝલ્ટમાં થઈ હતી.

પુષ્ટિ થયેલા બે કેસોમાં એક ૨૭ વર્ષીય રહેવાસી અને તેનો ૧૭ વર્ષનો ભાઈ છે, જેની સારવાર તેમના પ્રાંતની બે અલગ-અલગ હોસ્પિટલમાં ચાલી રહી છે, તેમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું.

બંને ભાઈઓએ માર્મટ મીટ ખાધું હતું, તેમ આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું. સાથે તેમણે લોકોને માર્મટ મીટ ન ખાવાની ચેતવણી પણ આપી હતી.

આ બંનેના સંપર્કમાં આવેલા ૧૪૬ લોકોને પણ આઈસોલેટ કરાયા છે અને તેમની સ્થાનિક હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે.

### હાર્વર્ડની બિઝનેસ સ્કૂલમાં નિષ્ફળતા તરીકે ભણાવવામાં આવશે

# કોવિડ-૧૯, ડિમોનેટાઈઝેશન અને જીએસટી મોદીની નિષ્ફળતા: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૬

રાહુલ ગાંધીએ પોતાના વીડિયોના કેપ્શનમાં ત્રણ મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે જેમાં કોવિડ -૧૯, ડિમોનેટાઈઝેશન અને જીએસટી છે. રાહુલે કહ્યું કે તેમને હાર્વર્ડની બિઝનેસ સ્કૂલમાં નિષ્ફળતા તરીકે ભણાવવામાં આવશે.કોંગ્રેસ નેતાએ આ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો એક વીડિયો શેર કર્યો. જેમાં તેમણે દેશને સંબોધન કરતાં કહ્યું હતુ કે કોરોના વાયરસ સામેનો યુદ્ધ ૨૧



દિવસમાં જીતી જશે. વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે હવે કોરોના વાયરસ સાથેનું યુદ્ધ સો દિવસથી વધુ થઈ ગયું છે. જ્યારે ભારત કોરોના વાયરસની રેક્િંગમાં ત્રીજા નંબરે પહોંચી ગયું છે.

જો આપણે કોરોના વાયરસના કેસોની વાત કરીએ તો દેશમાં સાત લાખ કોરોના વાયરસના કેસ છે અને ૧૯ હજારથી વધુ લોકોનાં મોત નીપજયાં છે. છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ આશરે ૨૫ હજાર કેસ આવી રહ્યા છે એટલે કે દર ચાર દિવસે એક લાખ જેટલા કેસ આવે છે. ભારત હવે વિશ્વના કુલ કેસોની દ્રષ્ટિએ ત્રીજા સ્થાને આવી ગયું છે, ફક્ત અમેરિકા અને બ્રાઝિલ ભારતથી આગળ છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૭૩૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૬૮૫૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૪૨૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૩૨૩**

# દેશ વિરોધી અભિયાન ચલાવતી ૪૦ વેબસાઈટો પર કેન્દ્ર સરકારનો પ્રતિબંધ

ન્યુ દિલ્હી,તા.૬

દેશ વિરોધી અભિયાન ચલાવનારી ૪૦ વેબસાઈટો પર ભારત સરકારે મોટી એક્શન લીધી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૪૦ વેબસાઈટોને તાત્કાલિક ધોરણે બંધ કરી દીધી છે. એટલે કે વધુ ૪૦ વેબસાઈટો પર સરકારે પ્રતિબંધ લગાવી દીધો છે. પ્રતિબંધિત સંગઠન શીખ ફોર જસ્ટીસ સાથે જોડાયેલી ૪૦ વેબસાઈટો પર અલગાવવાદી ગતિવિધિઓનુ સમર્થન કરવા માટે સરકાર દ્વારા રોક લગાવવામાં આવી દીધી છે. આ માહિતી ગૃહ મંત્રાલયે આપી હતી.

ગૃહ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, 'ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ), ૧૯૬૭ હેઠળ શીખ ફોર જસ્ટિસ (એસએફજે)એક ગેરકાયદેસર સંસ્થા છે. તેમણે પોતાના હેતુ માટે સમર્થકોની નોંધણી કરવાની ઝુંબેશ શરૂ કરી હતી.

ગૃહ મંત્રાલયની ભલામણ પર ઈલેક્ટ્રોનિક અને માહિતી ટેકનિક મંત્રાલયે માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ ની કલમ ૬૯છ હેઠળ એસએફજેની ૪૦ વેબસાઈટ્સ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે.

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયએ ભારતમાં સાયબર સ્પેસને મોનિટર કરવા માટેની નોડલ એજન્સી છે. ગત વર્ષે ગૃહ મંત્રાલયે દેશ વિરોધી પ્રવૃત્તિના આક્ષેપ માટે એસએફજે પર પ્રતિબંધ મૂક્યો હતો. એસએફજેએ તેના અલગાવવાદી એજન્ડા હેઠળ શીખ જનમત સંગ્રહ પર ભાર મૂક્યો હતો.

અન્ય એક અધિકારીએ કહ્યું કે આ સંગઠન ખાલિસ્તાનના ઉદ્દેશ્યને ખુલ્લેઆમ સમર્થન આપે છે અને આમ કરવાથી ભારતની સર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને પડકારવામાં આવે છે.

## તંત્રી સ્થાનેથી...

# મેક ઈન ઈન્ડિયાને સાર્થક કરવા અને ચીનને પછડાટ આપવા યુવા ટેલેન્ટને પ્રોત્સાહન આપવું જરૂરી

વિશ્વમાં કોરોનાનો કહેર યથાવત છે અને દરેક દેશના લોકોમાં તેનો ભય વ્યાપેલો છે.. ભારતમાં કોરોના સંક્રમિતોનો આંક વધતો જઈ રહ્યો છે પરંતુ હવે કોરોના ર્જં વિસ્તરો છોડીને નવા નવા વિસ્તારોમાં આગળ વધી રહ્યો છે પરિણામે ભારત કોરોના કેસમાં વિશ્વભરમાં ત્રીજા ક્રમે પહોંચી ગયું છે. જોકે ભારતમાં કોરોના દવાની શોધ થઈ ગઈ છે અને તે પણ ભારતની બે કંપનીઓએ શોધી છે હાલ તેનો પ્રયોગ આખરી તબક્કામાં ચાલી રહ્યો છે અને બંને કંપનીની ધારણા છે કે ઓગસ્ટના બીજા સપ્તાહમાં આ દવા માર્કેટમાં મૂકી દેવામા આવશે... ત્યારબાદ ભારતમાં કોરોના કાબૂમાં આવી જશે.આ બાબત પર દેશભરની રાજ્ય સરકારો અને આમ પ્રજાને મોટી આશા બંધાઈ છે... ચીને વિશ્વ સાથે સમગ્ર ભારતને નુકસાન પહોંચાડયું છે ત્યારે કોરોના કેસો ઘટી જતા વિશ્વમાં ભારતના અર્થતંત્રની ગાડી ઝડપથી પાટા ઉપર આવી જશે. તે સાથે દેશમાંની બેરોજગારી દૂર થવાની શરૂઆત થઈ જશે, નવા ધંધા બિઝનેસ શરૂ થશે. ચીનમાંથી જે પ્રકારે કાચું મટીરીયલ મંગાવવું પડે છે તેનું હવે ભારતમાં ઉત્પાદન કરવા તરફ આગળ વધશે.. અને ધીરી ગતિએ ચીનને ભારતનો મોટો ફટકો પડવાની શરૂઆત થશે. ઉપરાંત મોદીજીએ ×આત્મનિર્ભર× બનવાની તેમજ ×વોકલ ફોર લોકલ×ની અને ×મેક ઈન ઈન્ડિયા× નો મંત્ર આમ પ્રજાને આપેલ છે તેને મહત્વ મળી રહ્યું છે તે તરફ કેન્દ્ર સરકાર સહિત દેશભરના રાજ્યોની સરકારો મહત્વ આપશે અને ત્યારેજ સાચા અર્થમાં ચીનના અર્થતંત્રની કેડ પર ઘણનો ઘા મારવામાં સફળ થશે.ચીને ભારત સાથે મિત્રતાના દાવે જે પ્રકારે દગાખોરી કરી છે તેનાથી આમ પ્રજામાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે અને લોકો ચીની માલસામાનનો બહિષ્કાર કરી રહ્યા છે તો કેન્દ્ર સરકારે તેની ૫૯ એપ પર પ્રતિબંધ મૂકી દીધો છે પરંતુ લોકોમા સવાલ ઉઠયો છે કે ચીનની ૫૯ એપ પૈકી ભારતમાં કેટલી એપનો ઉપયોગ થતો હતો.....? જોકે ચીનની ટીકટોકે ભારતમાં મોટું માર્કેટ મેળવ્યું હતું પરંતુ હવે એપ પરના પ્રતિબંધને કારણે ચીનને ફટકો જરૂર પડ્યો છે. પરંતુ તે ઘણો ઓછો છે. ભારતની બીએસએનએલ અને એમટીએનએલ એ ૪-જી માટે ચીનની કંપનીને આપેલી ટેન્ડર રદ કરી દીધા છે. તો ભારતીય રેલવેએ કેમેરા લગાવવાનો કોન્ટ્રાક્ટ ચીનની એક કંપનીએ આપેલો તે રદ કરવામાં આવ્યો છે..... ત્યારે ખાનગી સેક્ટરમાં જે એસ ડબલ્યુ નામની કંપની છે કે વીજળી, સિમેન્ટ સહિતના ઉત્પાદનો સાથે સંકળાયેલ છે. આ કંપની ૩ હજાર કરોડનો માલ સામાન આયાત કરે છે જે તેને કેન્સલ કર્યો છે અને હવે મોદીજીના મેક ઈન ઈન્ડિયા'ના મંત્રને સાકાર કરવા તરફ આગળ વધશે. તો દેશની બીએસએનએલ ૪જી કરવા તરફના પ્રયાસો શરૂ કરી દીધા છે. પરંતુ આ બધું નહીંવત છે......! કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ચીનની કંપનીઓને અપાયેલ કામોના કોન્ટ્રાક્ટ રદ કરવા તરફ તેમજ જે તે રાજ્યમાં ચીનના કે ચીનની કંપનીઓના ભાગીદારીમાં ઉભા થનારા ઉદ્યોગો પર પાબંધી ફરમાવી દેવી જોઈએ તો જ ચીનને મોટો ફટકો પડી શકે.....!

ચીનની વિસ્તારવાદી નીતિને વડાપ્રધાને લલકાર આપી દીધો છે અને લેહથી પરત આવ્યા બાદ રાષ્ટ્રપતિ સાથેની તેમની મુલાકાતે રાજકીય ક્ષેત્રે તો ઠીક પરંતુ દેશભરના લોકોમાં અનેક પ્રકારની શંકાઓ ઉભી કરી દીધી છે....! તો જરૂરી લશ્કરી શસ્ત્રો સરંજામ માટે ઓર્ડર પણ આપી દીધા અને તાકીદે મંગાવ્યો છે... આ બધી ઘટનાઓ વચ્ચે અમેરિકા, રશિયા, જાપાન સહિતના દેશોએ જે પ્રકારે ચીનને ઘેરવાની શરૂઆત કરી છે અને ભારતે સરહદ ઉપર જે પ્રકારે લશ્કરી તૈયારી શરૂ કરી દીધી છે તે બાબત કદાચ ચીન સમજી ગયું હોય તો કદાચ ભારત પર હુમલો કરતાં દશ વાર વિચારશે....! તો હવે નેપાળમાં અને પાકિસ્તાનમાં તેમના પીએમ સામે જે પ્રકારે વિરોધ થયો છે તે પણ ચીન માટે ફટકો છે. અને ચીને હવે શ્રીલંકાને પોતા તરફ વાળવા પ્રયાસો શરૂ કરી દીધા છે... તો મ્યામારે પણ ફુફાડા શરૂ કર્યા છે... તેને જોઈને ચીન વિમાસણમાં મૂકાઈ ગયુ હોઈ શકે....!! પરંતુ ચીનનો વિશ્વાસ થઈ જ ન શકે.....! વિશ્વભરના મોટાભાગના દેશો ચીનની વિરુદ્ધ માં બેસી ગયા છે. ન્યુયોર્કમાં ભારતીય મૂળના નાગરિકો, તિબેટ અને તાઈવાન મૂળના અમેરિકન નાગરિકોએ જાહેર પ્રદર્શન યોજીને ચીની માલસામાનનો બહિષ્કાર કરવા સાથે સૂત્રો પોકાર્યા હતા જેને સ્થાનિકો દ્વારા મોટા પ્રમાણમાં આવકાર મળ્યો છે. ટૂંકમાં ચીનને ફટકો પડશે અને તે પણ મોટો હશે.....! ત્યારે મોદીજીએ દેશના બુદ્ધિધન- યુવાધનને પ્રોત્સાહન આપવા તરફ ધ્યાન આપવું જરૂરી છે... વિવિધ ટેકનોલોજી જાણકારો, ઈલેક્ટ્રોનિક જાણકારો,બાયોટેક નિષ્ણાતો સહિતના તજગ્યોને વિદેશોની જેવી અને જેમજ ત દેશમાં સુવિધા આપવી જરૂરી છે. ટૂંકમાં ભારતની યુવા ટેલેન્ટ જોરદાર પ્રોડક્ટ્સ કે સ્ટાર્ટ અપ લઈને આવે તેને સાર્થક કરવા તમામ પ્રકારનું પ્રોત્સાહન આપવું જોઈએ. જેથી આવા પ્રકારનું ભારતનું યુવા ટેલેન્ટ વિદેશોમાં જતા અટકે અને ભારતના ઉત્પાદનો વિશ્વભરમાં પહોંચે.....ત્યારેજ ચીની માલ-સામાનનો બહિષ્કાર.....ચીનને ફટકો સાર્થક થાય. નહીં તો ચીની માલનો બહિષ્કાર કરવાથી જાપાન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, સાઉથ કોરિયાની કંપનીઓ ફાવી જશે કે લાભ લઈ જશે.....! બાકી વિદેશી માલસામાનની ડુપ્લીકેટ સર્જન માટે તો ચીન છેજ......!!

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૭/૦૭/૨૦૨૦, મંગળવાર, અષાઢ વદ-૨
સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૭-૫૭,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ શ્રવણ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૯-૩૧ થી ચલ-લાભ-અમૃત-૧૪-૩૨ સુધી, ૧૬-૧૩ થી શુભ-૧૭-૫૩ સુધી, ૨૦-૫૩ થી લાભ-૨૨-૧૩ સુધી, ૨૩-૩૨ થી શુભ-અમૃત-ચલ-૨૭-૩૧ સુધી

- શુભ હોરા-
૮-૨૪ થી ૧૧-૪૫ સુધી, ૧૨-૫૨ થી ૧૩-૫૯ સુધી, ૧૬-૧૩ થી ૧૯-૩૪ સુધી, ૨૦-૨૭થી ૨૧-૨૦ સુધી

### રાજ્યના ૧૯૫ તાલુકાઓમાં મેઘાની ધમાકેદાર બેટિંગ

# સૌરાષ્ટ્રમાં શ્રીકાર વર્ષાઃ NDRFની ૭ ટીમો સ્ટેન્ડબાય

ગાંધીનગર,તા.૬


સમગ્ર ગુજરાતમાં મેઘરાજાએ પોતાની કૃપાદ્રષ્ટિ ઉતારી છે, પરંતુ અમદાવાદ, ગાંધીનગર સહિત અનેક એવા વિસ્તારો છે જેમાં હજુ વરસાદ નહીંવત પડ્યો છે. પરંતુ અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં રવિવારે મોડીસાંજથી મેઘરાજાએ પધરામણી કરી હતી. ત્યારે આજે વહેલી સવારથી એસજી હાઈવે સહિતના અનેક વિસ્તારોમાં ભારેથી મધ્યમ વરસાદ શરૂ થઈ ગયો છે. શહેરના અનેક વિસ્તારોની વાત કરીએ તો, આજે વસ્ત્રાપુર, સેટેલાઈટ, બોપલ, એસજી હાઈવે, સરખેજ, જીવરાજપાર્ક, પ્રહલાદનગર, જમાલપુર, પાલડી, આશ્રમરોડ, રિવરફ્રન્ટ સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. સતત પડી રહેલા વરસાદના કારણે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

બીજી બાજુ અમદાવાદ સહિત આસપાસના વિસ્તારોમાં પણ વરસાદે માઝા મૂકી છે. અમદાવાદના છેડે સાણંદ સહિતના ગ્રામ્ય પંથકમાં આજે સવારથી વરસાદ શરૂ થયો છે. રાજ્યના સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ તરફથી મળતી માહિતી પ્રમાણે ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક મેઘ મહેર થઈ છે. ખંભાળીયામાં ૨૦ ઈંચ તો કલ્યાણપુરમાં ૧૪ ઈંચ વરસાદ નોધાયો છે. જ્યારે વધારે વરસાદના પગલે એનડીઆરએફની વાત કરવામાં આવે તો રાજ્યમાં એનડીઆરએફની કુલ સાત જેટલી ટીમોને તહેનાત કરી દેવામાં આવી છે. ખંભાળિયામાં પડેલા વરસાદના પગલે એનડીઆરએફની ટીમ સક્રિય કરાઈ છે. જ્યારે એસટીએફની ટીમની પણ મદદ લેવામાં આવી રહી છે. દ્વારકા, સુરત, નવસારી, વલસાડ, રાજકોટ, પોરબંદર અને કચ્છમાં એનડીઆરએફની એક એક ટીમ સ્ટેન્ડ બાય કરવામાં આવી છે. જ્યારે વડોદરા અને ગાંધીનગરમાં પણ એક ટીમને સ્ટેન્ડ બાય કરવામાં આવી છે.

સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધીના સમયગાળામાં રાજ્યના ૧૯૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ જામનગર જિલ્લાના કાલાવડમાં ૫.૮૪ ઈંચ નોંધાયો છે. જ્યારે રાજકોટમાં ૩.૪૪ ઈંચ, રાજકોટના પડધરીમાં ૩ ઈંચ, દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા અને જામનગરના ધ્રોલમાં ૨.૮૪ ઈંચ, અમરેલીના જાફરાબાદમાં ૨.૬૦ ઈંચ, ગીર સોમનાથના ગીર ગઢડામાં ૨.૪૪ ઈંચ, જામનગરમાં ૨.૨૮ અને જામનગરના લાલપુરમાં ૨.૧૨ ઈંચ વરસાદ નોંધાયો હતો.આજે ૧૦ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે, જ્યારે ૧૮ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે અને ૩૭ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.કચ્છ અને સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ મહેર વરસાવી છે. અમરેલીના જાફરાબાદમાં ૨.૫ અને ગીર-સોમનાથના ગીર ગઢડા અને જામનગરના કાલાવડમાં ૨ ઈંચ વરસાદ છે.ઉપરાંત જામનગરના ધ્રોલમાં ૪૫ મિમિ, સુરતના પલાસણામાં ૩૫ મિમિ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ થતા ૧૭ ડેમમાં ૪ ફુટ સુધીની આવક થઈ છે. ગોંડલ અને આસપાસના ગામોમાં આધી રાત ધીમીધારે વરસાદ પડ્યો હતો. ગોંડલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. વરસાદના પગલે વાસાવડી નદીમાં ઘોડાપુર આવ્યું હતું. સૌરાષ્ટ્રભરમાં ગઈકાલથી ભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે અમરેલી અને ગીર સોમનાથ પંથકમાં ભારે વરસાદ પડતા નાના તળાવો, નદીઓ અને ચેકડેમોમાં નવાનીરની આવક થઈ છે. સુત્રાપાડામાં ૪ કલાકમાં ૩ ઈંચ વરસાદ પડ્યો હતો.

ગુજરાતમાં આ વખતે ઉનાળામાં પાણીને લઈ મોટી કાગારોળ મચી નથી, રાજયના ડેમોમાં અત્યારે ૪૫.૮૫ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. સૌથી વધુ પાણી મધ્યગુજરાતના ૧૭ડેમોમાં ૪૬.૧૩ ટકા છે, ઉત્તર ગુજરાતના ૧૫ ડેમોમાં ૨૭.૦૩ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમોમાં ૪૫.૯૩ ટકા, કચ્છના ૨૦ ડેમોમાં ૨૬.૮૧ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૦ ડેમોમાં ૨૭.૯૬ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે, સરદાર સરોવર ડેમમાં ૫૪.૯૯ ટકા પાણી છે. એકંદરે ૨૦૬ ડેમમાં ૪૫.૮૫ ટકા પાણી છે.

# વલસાડ જિલ્લામાં થઈ રહેલા સાર્વત્રિક મેઘ કૃપાથી કપરાડા તાલુકામાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી



સતિષ પટેલ વલસાડ

વલસાડ જિલ્લાના સતત વરસાદ ને લઈ કપરાડા ક્ષેત્રમાં મેઘકૃપા યથાવત્ રહી છે સહ્યાદ્રપિર્વત માળા કપરાડા ને બીજું ચેરાપુજી માનવામાં આવે છે.

વલસાડ જિલ્લામાં કપરાડા માં ૧૨૫ થી વધુ ઈંચ વરસાદ પડે છે. વલસાડ જિલ્લામાં ૨૪ કલાકથી વરસાદ ચાલુ છે. આજે પણ વહેલી સવારથી મેઘો મંડાતા કપરાડા તાલુકાની જીવા દોરી કોલક પાર દમણગંગા નદીમાં નવા નીર આવિયા છે. ધરતી પુત્રોમાં ખુશીની લહેર પ્રસરી છે.

વલસાડ જિલ્લામાં આકાશી ખેતી પર નિર્ભર ખેડૂતો વાવણી લાયક વરસાદ સાથે જે પહાડી વિસ્તારમાં મેઘરાજાએ સવાયું હેત વરસાવ્યું છે. ચોતરફ ખૂશાલી વ્યાપી જવા પામી છે. જગતાત માટે તો મોઢે માંગ્યા મેઘ વરસ્યા છે. મેઘરાજાએ વિરામ લીધા બાદ જાણે ધરતીએ લીલી ચાદર ઓઢી લીધી હોય તેવું આલહાદક અને આંખોને ટાઢક આપતુ દ્રશ્ય ઠેર ઠેર જોવા મળી રહી છે. કપરાડામાં જાણે કુદરત પ્રકૃતિની ખોળે ખૂદ આનંદ માણવા ઉતર્યા હોય તેવું અલૌકિક દ્રશ્ય સર્જાયું છે. હાલ નજારો કંઈક અલગ હોય છે. પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠતા જીવ માત્રના રોમ-રોમમાં અનેરી આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.સમગ્ર વિસ્તારમાં પ્રકૃતિ પણ અવનવી વૃક્ષો નદી નાળા કોતરો ના દ્રષ્યો નજારો જોવા મળે છે. હાલમાં ખેડૂતો માટે રોપણી લાયક વરસાદ વરસી રહ્યો છે. પુરજોશમાં રોપણી નું કામ પણ ચાલી રહ્યું છે.

# વડોદરા અને ભરૂચમાં વરસાદ થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ

વડોદરા,તા.૬

વડોદરા શહેર અને જિલ્લામાં વહેલી સવારે ધીમીધારે વરસાદ શરૂ થયો છે. વહેલી સવારે શરૂ થયેલા વરસાદને પગલે નોકરી-ધંધાર્થે જનાર લોકોને રેઈનકોટ અને છત્રી લઈને જવાની ફરજ પડી હતી. વરસાદી માહોલને પગલે સર્વત્ર ઠંડક પ્રસરી ગઈ હતી. ભરૂચ જિલ્લામાં ડાળા ડિબાંગ વાદળો વચ્ચે આજે સવારથી વરસાદનું આગમન થયું છે, જને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રવર્તમાન ચોમાસાની ઋતુમાં પ્રથમ વખત વડોદરા શહેરમાં વહેલી સવારથી મેઘરાજાએ અડિંગો જમાવી દીધો હતો. કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલા શહેરમાં મેઘો દિવસ દરમિયાન મન મુકીને વરસે તેવા એંધાણ જણાતા હતા.

સવારથી શરૂ થયેલા વરસાદને પગલે વેપાર-ધંધા ઉપર અસર જોવા મળી હતી. રોજ કમાઈને જીવન ગુજારનાર પથારા, લારીઓવાળા મુંઝવણમાં મુકાઈ ગયા હતા. આ સાથે નાની-મોટી દુકાનો અને શો-રૂમોમાં પણ વરસાદની અસર જોવા મળી હતી. વડોદરા શહેરની સાથે જિલ્લામાં પણ વહેલી સવારથી મધ્યમથી ભારે વરસાદની શરૂઆત થયો છે.વહેલી સવારથી શરૂ થયેલા વરસાદને પગલે ધરતીપુત્રો ખુશખુશાલ થઈ ગયા હતા. વાવણી માટે સારા વરસાદની રાહ જોઈને બેઠેલા ખેડૂતોએ વરસાદી માહોલ જોઈને વાવણી માટેની તૈયારીઓ શરૂ કરી હતી. ડભોઈ શહેર અને તાલુકામાં બે દિવસના વિરામ બાદ ફરી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે.

### સૌરાષ્ટ્રમાં બે દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરાયું

# ગુજરાતમાં આગામી ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની વકી

ગાંધીનગર,તા.૬

ગુજરાતમાં ચોમાસાની મોસમનું પ્રભુત્વ વધ્યું છે અને હવે આગામી ૩ દિવસ દરમિયાન રાજયના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવેલી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, 'કચ્છ અને તેની આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. હવે તે આગામી ૨૪ કલાકમાં વધુ સક્રિય થશે. મોન્સૂન ટ્રો કચ્છ, અમદાવાદમાંથી પસાર થઈ રહ્યું છે. જેના પગલે આગામી ૩ દિવસ વરસાદનું પ્રભુત્વ રહેશે. આવતીકાલે જે જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે તેમાં અમદાવાદ-કચ્છ-ભરૂચ-સુરત-નવસારી-વલસાડ-રાજકોટ-અમરેલી-ભાવનગરનો સમાવેશ થાય છે.' આજે સૌરાષ્ટ્રના દરિયાઈ વિસ્તારમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. જેમાં દ્વારકા અને પોરબંદરમાં આજે આભ ફાટવાની આશંકા છે. દીવ, પોરબંદર, જામનગર, અમરેલી, મોરબી, કચ્છ, દ્વારકામાં પણ ભારે વરસાદની આગાહી છે. મંગળવારે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી છે. અમદાવાદમાં સામાન્ય વરસાદ રહેશે. ૮ તારીખ બાદ ગુજરાતમાં વરસાદનું જોર ઘટશે. આગામી ૮ જુલાઈ સુધી ઉત્તર અને દક્ષિણ ગુજરાતના દરિયા કિનારે ૫૦થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. જેના પગલે માછીમારોને આગામી ૯ જુલાઈ સુધી દરિયો નહીં ખેડવા સૂચના અપાઈ છે. આજે દિવસ દરમિયાન અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને ભેજનું પ્રમાણ વારે ૮૫%-સાંજે ૭૩% જ્યારે સરેરાશ મહત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી હતું. અમદાવાદમાં આગામી પાંચ દિવસ વરસાદી માહોલ જોવા મળી શકે છે.

સૌરાષ્ટ્રને મેઘરાજાએ ધમરોળ્યા બાદ આગામી બે દિવસ ભારી અતિભારે વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ સિસ્ટમ વેલ માર્કો લો પ્રેશર અને સાયક્લોનિક સિસ્ટમ સક્રિય થતાં રાજ્યમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે. ખાસ કરીને પગલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની વકી વ્યક્ત કરવામાં આવી છે. હવામાન ખાતા દ્વારા સૌરાષ્ટ્રમાં બે દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરાયું છે. ભારે વરસાદને પગલે માછીમારોને દરિયો ન ખેડવાની સુચના આપવામાં આવી છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ રાજ્યમાં અત્યાર સુધી ૧૯ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાએ આજે સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ, દિવ, પોરબંદર તેમજ દક્ષિણ ગુજરાતમાં દમણ, દાદરાનગર હવેલી, સુરત અને ભરૂચમાં ભારે વરસાદની શક્યત વ્યકત કરી છે. તો અમદાવાદમાં સામાન્યથી મધ્યમ વરસાદ પડશે તેવી આગાહી વ્યક્ત કરી છે. વરસાદી સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યમાં બે દિવસ સુધી ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

# સોના-ચાંદીના વાયદાઓમાં નવા સપ્તાહનાં પ્રારંભે સામસામા રાહઃ સોનું ઢીલું, ચાંદી તેજ

### બિનલોહ ધાતુઓ, ક્રૂડ તેલમાં એકંદરે વૃદ્ધિઃ કોટન, સીપીઓમાં સુધારાનો સંચારઃ કપાસ, મેન્થા તેલમાં નરમાઈનો માહોલઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૨૭૭૦ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૧૫૩૬૭ સોદામાં રૂ. ૧૨૭૭૦.૧૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૨૫૬૨.૨૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૦૭.૯૧ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪ ઘટ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૩૯૨ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓ તથા એનર્જીમાં ક્રૂડ તેલમાં એકંદરે વૃદ્ધિ વાયદાના ભાવમાં રહી હતી. નેચરલ ગેસ પણ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન) અને સીપીઓમાં સુધારાના સંચાર સામે કપાસ અને મેન્થા તેલમાં નરમાઈનો માહોલ હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૬૪૦૭ સોદાઓમાં રૂ. ૭૧૬૬.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૯૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૦૮૫ અને નીચામાં રૂ. ૪૭૭૭૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૪ ઘટીને રૂ. ૪૮૦૨૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૮૨૭ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૩૦ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦ ઘટીને બંધમાં રૂ. ૪૮૦૪૯ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૯૦૮૭ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૬૯૭ અને નીચામાં રૂ. ૪૮૮૬૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૯૨ વધીને રૂ. ૪૯૫૬૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૩૪૯ વધીને રૂ. ૪૯૬૬૮ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૩૩૫ વધીને રૂ. ૪૯૬૫૩ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૮૮૩૦૪ સોદાઓમાં રૂ. ૩૦૪૭.૨૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૨૭ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૭૪ અને નીચામાં રૂ. ૩૦૧૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬ વધીને રૂ. ૩૦૪૦ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૮૫૪ સોદાઓમાં કુલ રૂ. ૧૫૬.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૯૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૦૦ અને નીચામાં રૂ. ૧૫૮૭૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦ વધીને રૂ. ૧૫૯૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૬૭.૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫.૭ વધીને બંધમાં રૂ. ૬૬૮.૧ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૭૪.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૧.૫ અને નીચામાં રૂ. ૯૭૩ રહી, અંતે રૂ. ૯૭૮.૪ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૦ અને નીચામાં રૂ. ૯૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦.૫૦ ઘટીને રૂ. ૯૮૩ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૨૯૪૭ સોદાઓમાં કુલ રૂ. ૪૨૯૭.૪૮ કરોડ ની કીમતનાં ૮૯૫૮.૧૭૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૩૪૬૦ સોદાઓમાં કુલ રૂ. ૨૮૬૮.૫૯ કરોડ ની કીમતનાં ૫૮૧.૧૨૩ ટન, ક્રૂડ તેલમાં ૩૦૧૭૯ સોદાઓમાં રૂ. ૧૩૨૫.૮૧ કરોડનાં ૪૩૫૩૦૦૦ બેરલ્સ, કોટનમાં ૨૯૮ સોદાઓમાં રૂ. ૧૪.૫૯ કરોડનાં ૯૧૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૪૫૬ સોદાઓમાં રૂ. ૧૩૫.૧૧ કરોડનાં ૨૦૨૬૦ ટન, મેન્થા તેલમાં ૫૧ સોદાઓમાં રૂ. ૫.૫૯ કરોડનાં ૫૭.૨૪ ટન, કપાસમાં ૪૯ સોદાઓમાં રૂ. ૧.૧૮ કરોડનાં ૨૪૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૦૪૭૬.૯૬૫ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૪૧.૫૧૬ ટન, ક્રૂડ તેલમાં ૫૨૬૨ બેરલ્સ, કોટનમાં ૧૨૧૧૨૫ ગાંસડી, સીપીઓમાં ૭૧૭૩૦ ટન, એલચીમાં ૧.૩ ટન, મેન્થા તેલમાં ૧૩૧.૭૬ ટન અને કપાસમાં ૪૬૦ ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૦૭.૯૧ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૩.૩૭ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૩૮.૫૩ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૬૧.૪૭ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૮૪ ખૂલી, ઊપરમાં રૂ. ૭૯૯.૫ અને નીચામાં રૂ. ૬૬૨.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૮૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૨ ખૂલી, ઊપરમાં રૂ. ૭૭ અને નીચામાં રૂ. ૫૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૦ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૭૭૬.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૦૭૨.૫ અને નીચામાં રૂ. ૧૭૭૬.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૯૪૬.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૭૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૮૮.૫ અને નીચામાં રૂ. ૧૪૪૭.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૦૬ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૧૯.૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૫.૯ અને નીચામાં રૂ. ૧૧૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૯૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૭.૭ અને નીચામાં રૂ. ૮૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૧ બંધ રહ્યો હતો.

# ગુરુપૂર્ણિમાએ ગુરુકુળ સોસાયટીમાં અનોખો ગૃહ પ્રવેશ.



મોડાસા ખાતે આવેલ ગુરુકુલ સોસાયટીમાં ગુરુપૂર્ણિમાના દિવસે નવીન મકાનમાં અનોખી રીતે ગૃહ પ્રવેશ કરવામાં આવ્યો હતો. મોડાસા પુરવઠામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા મેહુલ સોલંકીએ તેમના ગુરુકુળ ખાતેના નવીન મકાનનમાં ગૃહ પ્રવેશ વખતે હાલ ચાલતી કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખીને સાદાઈ પૂર્વક ઉજવણી કરી હતી.જેમાં વાસ્તુ પૂજનને બદલે ગુરુકુળ સોસાયટીમાં અરડૂસી અને શ્યામ તુલસીના ઔષધીય છોડ આપીને કોરોનાના સંક્રમણને અટવાવવા માટેના પ્રયાસ કરી રહીશોને તેના ઉકાળા વગેરે પીવા સમજાવ્યા હતા.આ પ્રસંગે મોડાસા ફોરેસ્ટ ઓફિસર હાર્દિક પટેલ અને જે.જે.કે.એમ.ના પ્રમુખ ડૉ.એચ.કે.સોલંકીએ આ નવીન અભિગમને આવકારીને × ઘેર ઘેર અરડૂસીને તુલસી વાવો, કોરોનાની મહામારીને અટકાવો.× એ સૂત્ર આપી શુભેચ્છાઓ પાઠવી હતી..

## ગરબાડાના અભલોડ પાંચવાડા જાંબુઆ રોડ પર પુલનું કામ ચાલુ હોય વિકલ્પ તરીકે કામચલાઉ માર્ગનો ઉપયોગ કરવા અપીલ

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૬ : ગરબાડાના અભલોડ પાંચવાડા જાંબુઆ રોડ પર પુલનું કામ ચાલુ હોય વિકલ્પ તરીકે કામચલાઉ માર્ગનો ઉપયોગ કરવા જિલ્લાના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ અપીલ કરી છે.

ગરબાડા તાલુકાના અભલોડ પાંચવાડા જાંબુઆ રોડ પર પુલનું કામ ચે.૧૭/૦૦ પર ચાલુ છે. જેમાં ડાઈવર્શનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ ડાઈવર્શનમાં એપ્રોચ રોડ-પ્રોટેક્શન વોલનું બાકી રહેતું કામ હાલમાં થતુ હોઈ આ ડાઈવર્શન પણ ચાલુ રાખવાનું શકય નથી. જેથી તેના વિકલ્પે કિ.મી. ૧૬/૦૦ થી આ રસ્તો ડાઈવર્ટ કરી ગાંગરડા ચોકડીથી જાંબુઆ ચોકડી થઈને જાંબુઆ ગામ તરફ પાકી સડકવાળા રસ્તે વાહનવ્યવહાર શરૂ કરવામાં આવ્યો છે. જેની સર્વે નાગરિકોએ નોંધ લઈ આ ડાઈવર્શનનો ઉપયોગ કરવા નાયબ કાર્યપાલક ઈજનેર, પંચાયત (મા.મ.) પેટાવિભાગ, દાહોદે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રાજકોટમાં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ખુલી શકશે ચાની કીટલી અને ગલ્લા

રાજકોટ,તા.૬

રાજકોટ શહેર તેમજ જિલ્લામાં દિવસેને દિવસે કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. કોરોના વાયરસના પોઝિટિવ કેસની સંખ્યા પણ દિવસેને દિવસે વધી રહી છે. લૉકડાઉન દરમિયાન કોરોના વાયરસ કાબૂમાં હતો પરંતુ અનલૉક પાર્ટ-૧ તેમજ અનલૉક પાર્ટ-૨માં કોરોનાને કેસ દિવસેને દિવસે વધી રહી છે. રાજકોટ શહેરમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૨ પર પહોંચી છે. જ્યારે રજકોટ ગ્રામ્યમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસ ની સંખ્યા ૨૧૦ પર પહોંચી છે. આ અનુસંધાને રાજકોટના કલેક્ટર તરફથી સોમવારે સવારે રાજકોટ ગ્રામ્યમાં ચાની કીટલીઓ અને પાનના ગલ્લા મંગળવારથી બંધ રહેશે તેવું નિવેદન આપવામાં આવ્યું હતું. બાદમાં બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં ચાની કીટલીઓ કે પાનના ગલ્લા બંધ રાખવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રાજકોટ શહેર તેમજ જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૪૪૨ પર પહોંચી છે. વધી રહેલા કેસને ધ્યાનમાં રાખીને આવતીકાલથી એટલે કે મંગળવારથી રાજકોટ જિલ્લામાં ચાની કીટલીઓ તેમજ પાનના ગલ્લા આઠ દિવસ માટે બંધ રાખવાની જાહેરાત રાજકોટ જિલ્લા કલેક્ટર રેમ્યા મોહન તરફથી કરવામાં આવી હતી. આ સાથે જ તેઓએ જિલ્લાના દરેક તાલુકામાં વેપારીઓ પોતાની રીતે દુકાન ધંધા-વેપારનો સમય ઘટાડે તેવી અપીલ પણ કરવામાં આવી છે. બાદમાં કલેક્ટરે પોતાનો નિર્ણય બદલ્યો છે. આ અંગે બહાર પાડવામાં આવેલા જાહેરનામાં પ્રમાણે રાજકોટ ગ્રામ્ય વિસ્તારોમાં ચાની કીટલી કે પાનના ગલ્લા બંધ નહીં રાખવામાં આવે.

## અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ ખાબકતા વાહનચાલક મુશ્કેલીમાં મુકાયા

અમદાવાદ,તા.૬

શહેરના મોટાભાગના વિસ્તારોમાં ગઈકાલ રાતથી વરસાદ વર્સી રહ્યો છે. ત્યારે આજે વહેલી સવારથી એસજી હાઈવે સહિતના વિસ્તારમાં વરસાદ શરૂ થઈ ગયો છે. બોપલ, એસજી હાઈવે, સરખેજ, જીવરાજપાર્ક, પ્રહલાદનગર, નવરંગપુરા, જમાલપુર, પાલડી, જીવરાજ પાર્ક, વેજલપુર, બાપુનગર, નરોડા, નિકોલ, સેટેલાઈટ, આશ્રમરોડ, રિવરફ્રન્ટ સહિતના મોટાભાગના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. સતત પડી રહેલા વરસાદના કારણે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. છેલ્લાં અઠવાડિયાથી દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રનાં વિવિધ વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. પરંતુ, અમદાવાદ સહિત મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વરસાદની ગેરહાજરીથી ગરમી અને બફારાથી લોકો ત્રસ્ત થયા છે. પરંતુ, આનંદની વાત એ છે કે, હવામાન વિભાગની આગાહી અનુસાર, દક્ષિણ ગુજરાતની સાથે અરબી સમુદ્રમાં અપર એર સાયક્લોનીક સરક્યુલેશન સક્રીય થતાં સમગ્ર રાજ્યમાં બારે મેઘ ખાંગા થશે, જેમાં આગામી ત્રણ દિવસો દરમિયાન અમદાવાદ સહિત રાજ્યનાં મોટાભાગનાં વિસ્તારોમાં હળવોથી ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે.હાલમાં અરબી સમુદ્રની સાથે દક્ષિણ ગુજરાતમાં અપર એર સાઈક્લોનિક સરક્યુલેશન સક્રિય છે, આ સરક્યુલેશન ઉત્તરોતર થોડું ઉપર તરફ વધીને ૬ અને ૭ જુલાઈએ સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત સુધી પહોંચશે, અને સોરાષ્ટ્રનાં ભાગમાં લો-પ્રેશરમાં પરિવર્તિત થશે. તેમજ લો-પ્રેશર મજબૂત બનીને વેલમાર્ક લો-પ્રેશર બનશે, જેથી સૌરાષ્ટ્રનાં ભાગોમાં અતિભારે વરસાદ થતાં પથી ૧૫ ઈંચ જેટલું પાણી વરસવાની સાથે સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થવાની શકયતા છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..

## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે

ગદ્ય વિભાગ

૧)શીર્ષક-નવરો....શ્રદ્ધા ભટ્ટ

૨)શીર્ષક -શાંતિનો ચોતરો પ્રીતિ શાહ"(અમીપ્રીત)

૩)શીર્ષક -વ્હાલું સગપણ નેહા બગથરીયા

(૪)શીર્ષક -ઓટલાનો આવકાર તેજલ વઘાસીયા

(૫)શીર્ષક -નિરાંતની પળે જયકાન્ત ઘેલાણી "પ્યારે

પદ્ય વિભાગ

૧)શીર્ષક -નિરાંતની પળોમાં વૈશાલી મહેતા

૨)શીર્ષક - નિરાંતની પળે રૂપલ શાહ

૩)શીર્ષક - નિરાંતની પળે મેહુલ ત્રિવેદી

૪)શીર્ષક -નિરાંતની પળે પ્રકૃતિ શાહ

શીર્ષક - નિરાંતની પળે કૌમુદી સોની

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન

એડમિન પેનલ ગ્રુપ સંચાલક શ્રી : જીજ્ઞા કપુરીયા, નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ.વંદના વાણી,કિશોર ઠક્કર સહ નિર્ણાયક શ્રી : આરતી મરચંટ,આરતી રામાણી સહ સંચાલક શ્રીઃ પ્રણવ ઝાંખર,મનીષ વોરા . ગ્રાફિક્સ, ડીઝાઇન : પ્રણવ ઝાંખર

-----------------------------------------------

વિભાગ : પદ્ય

NG NO: 40

શીર્ષક : દુન્યવી રંગમંચના ચહેરા

કોણ સાચા ને કોણ ખોટા?<br>
એક જ ચહેરા પર કેટ-કેટલા મુખોટા!<br>
રંગમંચ છે આ દુનિયા જાણે,<br>
શું ખબર..<br>
અહીં કયુ પાત્ર બદલાઈ જાય કયે ટાણે?<br>
ભલે ને જમ્યા હો ક્યારેક એક જ ભાણે<br>
પણ, રમત રમવામાં શરમ ન આણે!<br>
આ જ રંગમંચ ના મુખ્ય દોર છે મોટા;<br>
ચબરાક થઈ જાજે,<br>
બાકી અંતરાયો ના ઉઠશે ગોટેગોટા!<br>
આ જ તો તક છે ખુદ ને ઉભારવાની,<br>
જો આજ એને નહીં પિછાણે,<br>
ખરા રંગમંચ ના રંગ તુ કઇ રીતે માણે!?<br>
ઈજ્જત નહીં મળે માત્ર નાણે,<br>
એ તો ત્યારે જ પામીશ;<br>
જ્યારે કોક પાસે ઉભો હો તું ખરે ટાણે!<br>
ખુદ્દારી ને ખુમારીનાં ન હોય તોટા,<br>
દિલ થી;<br>
જીવન એવું જીવી જાજે મોટા,<br>
પડદો પડે છતાંય,<br>
તુજ આબરુના ઉજાસ હો મોટા<br>
ક્લાઈમેક્સ તો એવું જ હોજો હો મોટા!

વૈશાલી જે મહેતા

-------------

: વિભાગઃ-પદ્ય

શિર્ષકઃ- ચહેરો

(ચતુષ્કલ ગઝલ)

NG No:- 15

હસતો ચહેરો યાદ અપાવે આવી સમણે રોજ સતાવે<br>
ઓખે ઉતરી હૈયે તરતો શ્વાસે શ્વાસે કેવો ફરતો?<br>
મોહ પમાડી મોહ જતાવે હસતો ચહેરો યાદ અપાવે<br>
કામણ કેરી નયન કટારી શોભે જાણે આભ અટારી<br>
નમતી નજરે નેણ નચાવે હસતો ચહેરો યાદ અપાવે<br>
ખંજન વાળા ગાલ ગુલાબી તલથી બનતા ખૂબ નવાબી<br>
હળવા દાંતે હોઠ દબાવે હસતો ચહેરા યાદ અપાવે

મેહુલ ત્રિવેદી ખેરાળી

-----------------------------------------------

સ્પર્ધા :૧

વિભાગ : પદ્ય /અછાંદસ

NG No. :-0012

મળેલો શબ્દ : ચહેરો

(ગુરુ, શુક્ર, શનિ)

શીર્ષક : ચહેરો

એક ચહેરા પર<br>
બીજો ચહેરો મળે છે<br>
સત્ય પર સદા પહેરો મળે છે<br>
હું મારામાંથી<br>
છટકવાનો સતત<br>
પ્રયત્ન કરું છું<br>
મિથ્યાભિમાન માથું ઊંચકે છે<br>
ત્યારે હું હલકો પડી જાઉં છું..<br>
ના... ના .ના...<br>
જીંઅિ<br>
હલકો દેખાઉં છું...!!<br>
હૃદય ભારે થઈ જાય છે<br>
હલકાપણાથી,<br>
આંસુનું વજન આંખો<br>
ઊંચકી શકતી નથી<br>
હું ઢળી પડું છું<br>
ઢગલો થઈને<br>
હવાતિયાં મારું છું<br>
મેં જ બિછાવેલી<br>
'હું'પણાની જાળમાંથી<br>
મુક્તિ માટે<br>
શોધવા મથું છું મને<br>
અને<br>
કરગરું છું<br>
મારા છકી ગયેલા સમયને<br>
કંઈ કરતાં પાછો મળે<br>
મને મારો ભીતરનો ચહેરો....!!!!!

- ડો. નિષાદ ઓઝા "અમન"

-----------------------------------------------

NG No:- 11

વિભાગ - પદ્ય

વિષયઃ ચહેરો

શીર્ષકઃ એ ચહેરો બદલે છે

ચહેરા પર ચહેરો ઢાંકવા રોજ એ મહોરૂ બદલે છે,<br>
નખરાં નિતનવા કરવાં અરીસાનો એ ચહેરો બદલે છે.<br>
સ્મત,નજર ને અદાઓ દ્વારા ઘાયલ દિલને કરે છે,<br>
સમય,પ્રણય ને પ્રલયના બહાનાંથી ચહેરો બદલે છે.<br>
જાતજાતના રંગબેરંગી ચહેરા નિતનવા પહેરે છે,<br>
હવે નજરને નજરથી એ પ્રણયનો ચહેરો બદલે છે.<br>
રસ્તાઓ પર ચાલી રહી છે હોડ ચહેરો બદલવાની ,<br>
ફેશનની દુનિયાનો આજ એ અલગ ચહેરો બદલે છે.<br>
લહેર ઉમટી ઉઠે જ્યારે ચહેરો હટાવે માસ્ક પરથી,<br>
મહેર સ્મિત પલકોથી થાય ને એ ચહેરો બદલે છે.

'મન' મનોજકુમાર પંચાલ પાલનપુર.

-----------------------------------------------

ન્યૂઝ ઓફ ગાંધીનગર

વિભાગ - પદ્ય

શીષેક - ચહેરો (હાઇકુમાળા

NG - 048

માનવ તારો<br>
ચહેરો એક પણ<br>
રંગ અનેક.<br>
છલકાય છે<br>
રંગમંચ અસંખ્ય<br>
ચહેરાઓથી.<br>
ભાવવિહીન<br>
ચહેરાતળે, અશ્રુ<br>
અનરાધાર.<br>
ખર્ચું મહોરૂં<br>
ચહેરા પરથી, તો<br>
સત્યદર્શન.<br>
કોરોનાકાળે,<br>
માસ્કના આવરણે,<br>
સૌ નો ચહેરો.

શ્રપ્રકૃતિ શાહ "પ્રીત", અમદાવાદ

-----------------------------------------------

*NG- 0071*

વિષય ચહેરો

છંદ વિધાન

ચહેરા ઉપર ચહેરો રાખે.<br>
દંભી માણસ પહેરો રાખે.<br>
આંખો આડા કાન કરીને,<br>
પડદો કાયમ બહેરો રાખે.<br>
ગામો છોડયાં પરબારા જઈ,<br>
ગંધાતા એ શહેરો રાખે.<br>
મોજાં મારે વલખાં આભે<br>
સાગર નીચી લહેરો રાખે.<br>
નીચ નરાધમ લોકો જીભે,<br>
બોલ જ મીઠો ગહેરો રાખે.<br>
દીપ પ્રગટતો જોઈ ઈશ્વર,<br>
આલમ ખૂબ સુનેહરો રાખે.

દિપક સિંહ સોલંકી "દીપ" આણંદ

-----------------------------------------------

વિભાગ પદ્ય ( હાઈકુ)

NG No.:- 044

શીર્ષકઃ- ચહેરો

૧. ?વરસ્યો મેહ<br>
ધરા તરબતર<br>
ચહેરો દીપે.<br>
૨. વરસે મેહ<br>
પ્રેમ અંકુર ફૂટે<br>
ચહેરો ખીલે.<br>
૩. સાજન આવે<br>
ચહેરો મલકતો<br>
ધડકે દિલ.<br>
૪. ચહેરો સારો<br>
હાડ વિનાની જીભ<br>
કરે ખોખરા.<br>
૫. જોઈ ચહેરો<br>
શહીદ પુત્ર કેરો<br>
આપી સલામી.<br>
૬. સીમાએ ઉભો<br>
જવાન ઝઝૂમતો<br>
ચહેરો તંગ.<br>
૭. બોલે કોયલ<br>
મનમયૂર નાચે<br>
ચહેરો હસે.<br>
૮. ઘૂંઘટ નીચે<br>
છુપાયેલ ચહેરો<br>
સારતો અશ્રુ.<br>
૯. પ્રેયસી કેરો<br>
ચહેરો જોવા કાજ<br>
તલસે દિલ.<br>
૧૦. શાંત ચહેરો<br>
ઝેર કેરો કટોરો<br>
મીરાં એ પીધો.<br>
૧૧. ચિર નિદ્રામાં<br>
પોઢેલો સેનાપતિ<br>
ચહેરો સૌમ્ય.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.




# એક કોર્ટ માં વિશ્વ નો એક અનોખો કેશ આવ્યો કાશ આવો કેશ દરેક ઘરમાં થી જોવા મળે..!



એક કોર્ટ માં એક એવો કેશ આવ્યો કે બધા ના દિલ હચમચાવી નાખ્યા કોર્ટ માં જમીન,મકાન,છુટા છેડા,ખૂન કેશ કે પરિવાર ના વાદવિવાદ ના કેશો આવતા હોય છે પણ એક ઘરમાથી અલગજ કેશ આવ્યો..!

એક ૭૦ વર્ષ ના વૃદ્ધ વ્યક્તિએ તેના ૮૦ વર્ષ ના ભાઈ ઉપર કેશ કર્યો કે મારો ભાઈ હવે એકદમ વૃદ્ધ થઈ ગયો છે તે પોતાનું ધ્યાન નથી રાખી શકતા તેમ સતા મારી ૧૧૦ વર્ષ ની માં ની દેખરેખ કરી રહ્યા છે અને હું બિલકુલ સ્વસ્થ છું એટલે મારી માં ની દેખરેખ કરવાનો મને મોકો આપો જેથી હું માં ની સેવા કરી શકું એટલે જજ સાહેબ મારી માને મારી સાથે મોકલી આપે તો હું મારી માની સેવા કરી શકું...!

નાનો ભાઈ કહે કે ૪૦ વર્ષ થઈ ગયા મોટા ભાઈ સાથે માં રહે છે તો હું ક્યારે માં ની સેવા કરીશ...!આ વાત સાંભળીને જજ સાહેબ પણ વિચાર માં પડી ગયા બને ભાઈઓને સમજાવવાની ઘણી કોશિશ કરી પણ કોઈ સમજતાજ નથી બને ને ૧૫.૧૫ દિવસ માં ને સાથે રાખવાનું કહ્યું તો પણ એકેય ભાઈ માનતાજ નથી..!

મોટા ભાઈ કહે જજ સાહેબ હું મારા સ્વર્ગ ને મારાથી દૂર કઈ રીતે કરું તેમ સતા અગર માં કહે કે હું સારી રીતે દેખભાળ નથી કરતો અને તેને નાના ભાઈ જોડે જવું હોય તો જઇ શકે છે...!

જજ સાહેબે માં ને બોલાવી ને પૂછ્યું કે માજી તમે ક્યાં દીકરા ભેગા જવા ઈચ્છો છો ...?

માં ઘણી કમજોર હતી વહીલચેયર ઉપર બેસીને કોર્ટ માં આવી હતી અને જજ સાહેબ ને કહે કે મારે તો બને દીકરા સરખા છે એક નું નામ કહીને હું બીજા દીકરા ના દિલ ને દુઃખ થાય એટલે હું જવાબ નહિ આપી શકું સાહેબ તમે જજ સાહેબ છો તમારો નિર્ણય જે હશે તે મને મંજુર છે...!

છેવટે જજ સાહેબે બહુજ ભારે મન રાખી ને નિર્ણય આપ્યો કે મોટા ભાઈ વધારે વૃદ્ધ થઈ ગયા છે એટલે માં ની સેવા કરવા નાના ભાઈ ને સોંપવામાં આવે...!

કોર્ટ નો ફેંસલો સાંભળી ને મોટા ભાઈ જોર જોર થી રડવા લાગ્યા અને કહે કે આ બુઢાપા એ મારું સ્વર્ગ છીનવી લીધું ..!

આ સાંભળી ને કોર્ટ માં જેટલા પણ હતા જજ સાહેબ સહિત બધા ની આંખ માં આંસુ આવી ગયા ...!

મારો કહેવાનો મતલબ એ છે કે અગર ભાઈ ભાઈ કે ભાઈ બહેન માં કોઈ વાદ વિવાદ હોય તો આવો હોવો જોઈએ...!

આ કહાની થી આપણે શિખ લેવોજ જોઈએ કે માત પિતાને દુઃખી ન કરવા જોઈએ...!

માં ને દરેક ઘરમાં સન્માન મળવુંજ જોઈએ ..!!

## કચ્છમાં પવનચક્કી અને સુરતમાં બીઆરટીએસ બસ સ્ટોપમાં લાગી આગ

સુરત,તા.૬

રાજ્યમાં વરસાદી માહોલ બરાબર જામ્યો છે ત્યારે આજે આગના ત્રણ જેટલા બનાવ બન્યા છે. જેમાં અમદાવાદ ખાતે એક એટીએમમાં આગ લાગી હતી. જ્યારે સુરતમાં બીઆરટીએસ બસ સ્ટોપમાં આગ લાગી હતી. આગની ત્રીજો બનાવ કચ્છમાં બન્યો છે. અહીં એક પવનચક્કીમાં આગ લાગી હતી. આ ત્રણેય ઘટનામાં જાનમાલને કોઈ નુકસાનના સમાચાર નથી મળ્યાં. રાજ્યમાં કચ્છના નખત્રાણા તાલુકાના લક્ષ્મીપર (નેત્રા) ગામે આગનો બનાવ નોંધાયો છે. અહીં પવનચક્કીમાં આગ લાગી છે. સોમવારે વહેલી સવારે ચારથી પાંચ વાગ્યા દરમિયાન આ આગ લાગી હતી. ગામ લોકોના કહેવા પ્રમાણે આકાશી વીજળી ત્રાટકી હોવાથી આગ લાગી હોઈ શકે છે. ગામની પાસે જ આવેલી પવનચક્કીમાં આગ લાગવાને કારણે ગામમાં ભયનો માહોલ ફેલાયો છે. આ પહેલા પણ કચ્છમાં પવનચક્કીમાં આગના બનાવો બની ચુક્યા છે.

આજના બનાવ બાદ પવનચક્કીની સુરક્ષા સામે અનેક સવાલ ઊભા થયા છે. સુરતમાં બીઆરટીએસ સ્ટોપમાં આગઃ આગનો બીજો બનાવ સુરતના બીઆરટીએસમાં બનવા પામ્યો છે. જેમાં બસ સ્ટોપ બળીને ખાખ થઈ ગયું છે. બસ સ્ટોપમાં લાગેલી આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સ્થાનિક લોકો તરફથી ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવ્યા બાદ આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવી લીધો હતો. આગને કારણે જાનમાલને કોઈ નુકસાન નથી પહોંચ્યું. બીજી તરફ આગ લાગવાનું કારણે જાણી શકાયું નથી. મળતી માહિતી પ્રમાણે સુરતના પાંડેસરા વિસ્તારના દક્ષેશ્વર મહાદેવ બીઆરટીએસ બસ સ્ટોપ પર સવારે ૧૦ વાગ્યાની આસપાસ અચાનક આગ લાગી હતી.

# રેઈન્બો વોરીયર્સ,ધરમપુર દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં ૪૬ યુનિટ બ્લડ એકત્ર કરાયું




સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

ધરમપુર વિસ્તારના શિક્ષકો , યુવાનો અને સેવાભાવી લોકોએ સમાજ સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવવાના હેતુસર રેઈન્બો વોરીયર્સ ,ધરમપુરની સ્થાપના કરી અને પહેલ વહેલા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ગુરુપૂર્ણિમાના પાવનપર્વ પ્રસંગે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પીડવળ ગામની વનદેવી કન્યા છાત્રાલયના પરિસરમાં કરવામાં આવ્યું ,જેમાં ૪૬ યુનિટ બ્લડ એકત્ર થયું હતું .રક્તદાન કેમ્પની

દીપ પ્રજ્ઞ્વલ વિધિ મોટાપોંઢા કોલેજના નિવૃત્ત આચાર્ય અને કપરાડા ની શબરી કન્યા છાત્રાલયાના ટ્રસ્ટી બી.એન.જોષીના વરદહસ્તે કરવામાં આવી હતી.આ પ્રસંગે બી.આર.ઈન્ટરનેશનલ સ્કૂલના ડાયેરેકટર પુખરાજ અગ્રવાલ, આચાર્ય દિનેશભાઈપટેલ , સરપંચ જનસભાઈ મોકાશી, માજી સરપંચ રાજેશભાઈદળવી,લાલજીભાઈ ગાંવિત ,ગામના આગેવાનો , યુવાનો,શિક્ષક સંઘના વિજયસિંહ પરમાર , જયેશભાઈ પટેલ ,કેતન ગરાસિયા અને અન્ય શિક્ષકો તેમજ નાયકા સમાજના પ્રમુખ મગનભાઈ અને અન્ય અગ્રણીઓ તથા આવધા અને દુલસાડ ગામના આગેવાનો-યુવાનો, રેઈન્બો વોરીયર્સ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.રક્તદાન કેમ્પમાં નાસ્તાની વ્યવસ્થા શિક્ષક હિતેશભાઈ પટેલ,ફળફળાદિ ની વ્યવસ્થા શિક્ષક હસુભાઈ આહીર અને સતીષ પટેલ તેમજ ભોજન વ્યવસ્થા સેવાભાવી સરોજબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.જયારે મહેમાનને ફૂલછોડ થી સ્વાગત કરવાનું આયોજન શિક્ષક પંકજભાઈ પટેલ અને રક્તદાતાઓને આંબા કલમ આપવાનું આયોજન શિક્ષક રાજેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું .અહીં ઉલ્લેખનીય છે કે,બી.એન.જોષી દ્વારા પ્રત્યેક રક્તદાતાઓને ફોલ્ડર ફાઈલની પ્રોત્સાહક ભેટ એનાયત કરવામાં આવી હતી.

બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન રેઈન્બો વોરીયર્સ, ધરમપુરના સહકારથી આવધા પ્રાથમિક શાળાના શિક્ષક શંકરભાઈ પટેલે કર્યું હતું ,જયારે બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા નીતાબેન પટેલ, નલિની ગરાસિયા, મયુરીબેન કેદારિયા,વંદનાબેન ગાંવિત , દિપીકાબેન પટેલ અને પાયલબેન પટેલ વગેરે શિક્ષિકાબેનોએ યથા શક્તિ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે યોગદાન આપ્યું હતુ

# અરવલ્લી જિલ્લામાં તમામ ૧૦૫૮ બુથ કક્ષા સુધી જનસંઘના સ્થપાક ડો.શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૦મી જન્મ જયંતિ ઉજવાઈ

મોટી ઈસરોલ,તા.૬

ભારતીય જનસંઘના સ્થાપક, પ્રખર રાષ્ટ્રવાદી, મહાન શિક્ષાવિદ્ અને આપણા સૌના માર્ગદર્શક એવા ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી જી ની જન્મજયંતી નિમિત્તે મોડાસા તાલુકાના સી.એમ.સુથાર હાઈસ્કુલ ખાતે જિલ્લા કક્ષાનો જન્મ જયંતિ ઉજવણી કાર્યક્રમ જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં આજરોજ યોજાયો હતો. પ્રારંભે સૌ કાર્યકર્તાઓએ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની છબીને નમન કરીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના જીવન કવન



વિશે પ્રકાશ પાડતાં રાષ્ટ્ર માટે તેમણે આપેલા બલિદાનને યાદ કરી જીવન ઝરમર રજૂ કરી હતી. શામળભાઈએ જણાવ્યું કે ડો. શ્યામા પ્રસાદજી એક દેશ ભક્ત અને ગૌરાંન્વિત રાષ્ટ્રવાદી હતા.તેમણે ભારતની એકતા અને અખંડિતતા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. જમ્મુ કાશ્મીરમાં એક દેશ,એક સંવિધાન અને માનદંડને સુનિશ્ચિત કરવા આ અવસરે ડો.શ્યામા પ્રસાદજીને યાદ કરી તેઓ એક આપણા માટે પ્રેરણા પુંજ છે એમ જણાવ્યું હતું.

જિતપુર હાઈસ્કુલના સભા ખંડમાં યોજાયેલ આ કાર્યક્રમમાં અન્ય અગેવાનોમાં ભજોના મહામંત્રી એસ.એમ.ખાંટ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને જિલ્લા ભાજપ મિડિયા સેલના ઈનચાર્જ પ્રભુદાસભાઈ પટેલ,સાબર ડેરી ડિરેકટર અને સહકારી આગેવાન ભિખુસિહ .સી .પરમાર,જિલ્લા અનુસુચિત જાતિ મોરચા ના પ્રમુખ દિનેશભાઈ પરમાર, જિલ્લા સદ્સ્ય કમળાબેન પરમાર, મોડાસા તાલુકા સંગઠન પ્રમુખ ભિખુસિહ હિમતસિંહ પરમાર તાલુકા મહામંત્રી રમેશભાઈ પટેલ ,મહામંત્રી અકિતભાઈ પટેલ, પુર્વ તાલુકા સદ્સ્ય ભુપતસિહ વગેરે સહિત જિલ્લાના કાર્યકરોએ ઉપસ્થિત રહીને ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મજયંતી નિમિત્તે તેમના જીવન મૂલ્યો અને રાષ્ટ્ર માટે આપેલ બલિદાનને યાદ કરી તેમને પુષ્પાંજલિ કરી હતી.આ ઉપરાંત આ અવસરે જિલ્લામાં તમામ ૧૦૫૮ બુથમાં જન્મ જયંતિ ઉજવણીની સાથે સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## ધાર્મિકનગરી સિદ્ધપુર ખાતે

# ગુરુપૂર્ણિમા પર્વે વિવિધ સિદ્ધ ગુરુગાદી સ્થાનકોમાં કોરોનાની અસર દેખાઈ

(ધ્રુવ દવે. સિદ્ધપુર)

દેવોનુ મોસાળ ગણાતી ધાર્મિક નગરી (શ્રી સ્થળ) સિદ્ધપુર કે જયાં ભગવાન વિષ્ણુના ચોથા અવતાર ભગવાન કપિલ મુનિનું જન્મ સ્થલ છે.સિદ્ધપુર ખાતે ઠેર-ઠેર દેવ મંદિરો આવેલા છે.આ તિર્થભૂમિ ઉપર કેટ કેટલાય ઋષિ મુનિ તપસ્વિજનો દ્વારા વિવિધ જગ્યાએ તપશ્ચર્યા કરી આ તીર્થક્ષેત્રને જાગૃત કરી છે.તપોભૂમિ સિદ્ધપુર માં અનેક સંતો-મહંતોના તપનો પ્રભાવ જોવા મળે છે.અહી પ્રાચી શ્રી સરસ્વતિ નદીના પાવન કિનારે આવેલ સંત શ્રી દેવશંકર બાપા(ગુરુ મહારાજ) તપોભૂમિ આશ્રમ શ્રી મોતીરામ ગુરુમહારાજ,શ્રી મસ્તરામ ગુરુમહારાજ,શક્તિપીઠ શ્રી હિંગળાજ આશ્રમ, સિદ્ધદેવ શ્રી દુધલીમલ ગુરુ મહારાજ મંદિર,સંત શ્રી કાંતિદાસજી મહારાજ (રાવત-રામજી મંદિર) ભગવાન શ્રી કપિલમુનિ આશ્રમ,ભગવાન શ્રી પરશુરામ આશ્રમ,શ્રી કર્દમ ઋષિ આશ્રમ(બિંદુસરોવર) શ્રી



સતપ્રસન્નજી ગુરુ મહારાજ,શ્રી રાધાકૃષ્ણ મંદિર,શ્રી વાસુદેવાનંદ, સરસ્વતી હાટકેશ્વર મહાદેવ આશ્રમ શ્રી ચંદુગુરુ મહારાજ બાવાજી ની વાડી સ્થિત આશ્રમ, જગત ગુરુ શ્રી શંકરાચાર્ય જી ની ગાદી,હરીશંકર ના આરે સંત શ્રી પુનમનાથ મહારાજના સાનિધ્યમાં વિગેરે પાવન સ્થળોએ ગુરુપૂજનનો કાર્યક્રમ સાદગી પૂર્ણમાહોલ માં સંપન્ન કરાયો હતો.આ તમામ સ્થળોએ વહેલી સવાર થી ભક્તો સરકારી ગાઈડલાઈન મુજબ મર્યાદિત સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવ્યા હતાં.ગુરુ મહારાજ ના વિવિધ મંદિરો માં અભિષેક,પાદુકાપૂજન ષોળસોપચાર પૂજન, મહાઆરતી,દત્તયાગ, હોમ-હવન જેવા ધાર્મિક કાર્યક્રમો સાદગીભર્યા માહોલમાં શાસ્ત્રોગત વિધિવિધાન સાથે સંપન્ન કરાયા હતા.સિદ્ધપુર ની તમામ પાવન અને પવિત્ર ગુરુગાદી સ્થાનકોમાં ભક્તોની પાંખી હાજરીમાં સોશિયલ ડિસ્ટર?ન્સિંગના નિયમોનું ચુસ્તપણે પાલન કરી,માસ્ક તેમજ સેનિટાઈઝરના ઉપયોગ બાદ જ પ્રવેશ આપવામાં આવ્યો હતો.ચાલુ સાલે કોરોના વાયરસની મહામારી ના કારણે ગુરુ મંદિરો માં પ્રતિવાર્ષિક ઉજવાતા કાર્યક્રમો બંધ રાખવામાં આવ્યા હોઈ નગરજનોએ પોતપોતાના ઈષ્ટદેવ-ગુરુમહારાજને રિઝવવા તેમજ તેમના આશિર્વાદ પ્રાપ્ત કરવા પોત-પોતાના ઘરોમાં જ ગુરુ મહારાજ ના વિવિધ રૂપોના ફોટાને ઘરના મંદિરોમાં મૂકી પૂજાપાઠ કરી કોરોના મહામારીમાંથી ઉગારવા પ્રાર્થના કરી હતી.

# લીંબડી વોર્ડ નં. ૬ ના રહીશો ની રોડ બનાવવા માટે કરાઈ માંગ

લીંબડી સૌકા ફાટક થી ચુનારાવાડ તરફ જવાનો રસ્તો છેલ્લા ૧૦ વર્ષ થી ના બનતા રહીશો માં આક્રોશ સાથે વોર્ડ નંબર ૬ ના લીંબડી નગરપાલિકા ના સભ્યશ્રી ભરતભાઈ દવે એ તમામ રહીશો ને સાથે રાખી લીંબડી નગરપાલિકા માં પ્રમુખશ્રી અને ચીફ ઓફિસર સાહેબ ને લેખિત અને મૌખિક માં રજૂઆત કરવા ગયા હતા પણ લીંબડી લીંબડી નગરપાલિકામાં પ્રમુખ અને ચીફ ઓફિસર ઓફિસ માં હાજર ના હોવાથી રહીશો માં આક્રોશ થયો હતા.

અને તેઓનું સાંભળવા વાળું કોઈ હાજર હતું નહીં જ્યારે પણ કોઈ કામ હોય ત્યારે હાજર હોતું નથી તેથી ગ્રામજનો જે કોઈ પણ કામ હોય તો ફક્ત તેની અરજીઓ ઈનવર્ડ કરવી પડે છે અને પબ્લિક ને ગંદકી નો સામનો કરવો પડે છે.

દિપકસિંહ વાઘેલા

## ૬૫ હજારથી વધુ સરકારી શિક્ષકોનું રૂ.૪૨૦૦ના ગ્રેડ પે માટે

# 'ડિજિટલ આંદોલન' :સરકાર નહીં માને તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉન અનલોક થતાની સાથે સરકાર સામે અનેક પ્રશ્નો આવીને ઉભા રહ્યા છે ત્યારે રાજય સરકાર સામે વધુ એક આંદોલનના ભણકારા વાગી રહ્યા છે. સમગ્ર રાજયમાં પ્રાથમિક શાળાના હજારો શિક્ષકો દ્વારા પગાર ગ્રેડ સહિતની માંગણીઓને લઈને સરકાર સામે ડિજિટલ આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે.રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની આગેવાનમાં ચાલી રહેલ આંદોલનમાં રાજયમાંથી ૬૫ હજારથી વધુ શિક્ષકો ન્યાયની માંગ કરી રહ્યા છે વર્ષ-૨૦૧૦ માં અને તેના પછીના વર્ષમાં ભરતી થયેલ શિક્ષકોનો રૂ.૪૨૦૦/- ગ્રેડ પે ઘટાડીને રૂ.૨૮૦૦/- કરી દેતા શિક્ષકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે ડિજિટલ આંદોલનમાં સોશિયલ મીડિયામાં શિક્ષકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે અને સરકારના નિર્ણય સામે અરવલ્લી-સાબરકાંઠાના શિક્ષકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રાજય સરકારના જ સરકારી કર્મચારી કરવા જઈ રહ્યા છે. રાજય સરકારની સરકારી શાળાના શિક્ષકો દ્વારા રૂ.૪૨૦૦/ પે ગ્રેડની માગણી સાથેનું આંદોલન સોશિયલ મીડિયા પર ચાલુ કર્યું છે. શિક્ષકો દ્વારા આ અંદોલન કરવાનું મુખ્ય કારણ એ છે કે સરકાર રૂ.૪૨૦૦/ ગ્રેડ પેના બદલે રૂ.૨૮૦૦/- પગાર ગ્રેડ મંજૂર કરે તો શિક્ષકોને હાલના પગારમાં દર મહીને લગભગ ૮થી ૧૦ હજારનું નુકશાન ભોગવવું પડે એવી સ્થિતિ છે અને તેથી જ આ શિક્ષકો દિવસે-દિવસે પોતાની માંગને લઈને વધુને વધુ ઉગ્ર બની રહ્યા છે.ઉપરાંત એચ ટાટ આચાર્યના પ્રમોશન અને બદલી જેવા પ્રશ્નોને કારણે શિક્ષકો કોરોનાની મહામારી વચ્ચે પણ ડિજિટલ સ્વરૂપમાં આંદોલન રૂપે સતત વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ૪૨૦૦ ગ્રેડ પે નામનું ફેસબુક પેજ બનાવી આ સરકરી કર્મચારીઓ દ્વારા દિવસની હજાર થી પણ વધુ પોસ્ટ કરવામાં આવે છે.એટલે કે આ સોશિયલ મીડિયા આંદોલનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે

# માણાવદર તાલુકામાં ૮ થી ૧૨ ઈંચ ભારે વરસાદ રસાલા ડેમ ઓવરફલો




જીજ્ઞેશ પટેલ દ્વારા )

માણાવદર તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં અનરાધાર ૮ થી ૧૨ ઈંચ સુધી ભારે વરસાદ થી સમગ્ર પંથકમાં જળબંબાકાર થઇ ગયા છે એકધારા વરસાદ થી ગ્રામ્ય માં ખેતરો , વોંકળા બે કાંઠે વહી રહયા છે શહેરનો રસાલા ડેમ ઓવરફલો થયો છે તો બાંટવા ડેમમાં સમગ્ર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર નો પાણી નો જથ્થો ઠલવાતા વહેલી સવારે ચાર વાગ્યે ખારાડેમના છ દરવાજા બે ફૂટ થી વધુ ખોલવા પડયા છે જે પાંચ કલાક થી દરવાજા ખુલા છે તેટલો જંગી જથ્થો પાણી છોડવું પડયું છે તે પાણી છોડવાથી કોડવાવ , એકલેરા સહિત પાંચ ગામોનો રસ્તો પૂર ફરી વળતા રસ્તો હજી બંધ છે અને ગામ વિખુટા પડયા છે તેવીજ રીતે બુરી જીલાણામાં નવ ઈંચ વરસાદ પડતા તેમા રસ્તા ઉપર પાણી ફરી વળતા વિખુટા પડયા છે પાજોદ તરફ ૨૪ કલાકમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ પડતા જળબંબાકાર થયા છે કોડવાવ માં દશ , ગળવાવ મટીયાણા આઠ માણાવદર આઠ ઈંચ વરસાદ પડ્યો છે ઠેર ઠેર વોંકળા નદીમાં ધોડાપુર વહી રહયા છે તસ્વીર - જયદીપ બરવાડીયા ,અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# લીંબડીમાં મોટા મંદિરે રક્તદાન કેમ્પ યોજાયો

લીંબડી તાલુકા અને ગામ નો દ્વારા મોટા મંદિર ખાતે ગુરૂ પૂનમ નિમિત્તે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું , રક્તદાન શિબિરમાંથી ૩૦ વધુ બોટલ રક્ત એકત્ર થયું હતું . જે ગુજરાત કેન્સર સોસાયટીમાં જમા કરાવ્યું હતું.જે જરૂરિયાતમંદ દરદીઓ માટે ઉપયોગમાં લેવાશે . મોટા મંદિર મહંત લાલદાસજીબાપુ , માજી મંત્રી કિરીટસિંહ રાણા , ગુજરાત રાજ્ય હાથસાળ હસ્તકલા ના ચેરમેન શંકરભાઈ દલવાડી , પ્રકાશભાઈ સોની , નગરપાલિકા



પ્રમુખ ધીરૂભાઈ । ખાંદલા , હરજીભાઈ કણજરિયા , દલસુખભાઈ ચૌહાણ , મહેશભાઈ વસોયા તેમજ મહંત શ્રી લાલંદાસ બાપુની ગુજરાત કેન્સર સોસાયટી વતી બાપુને , બ્લડ ડોનેશન કેમ્પ સર્ટિ આપી . સન્માનિત કરવામાં હતા તેમજ કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી .

હિતેષ શાહ

# કોરોના મહામારી સંકટ વચ્ચે સિદ્ધપુરમાં વર્ચ્યુઅલ અભ્યાસ વર્ગ દ્ધારા અપાતુ ઓનલાઈન શિક્ષણ



આશિષ પાધ્યા સિદ્ધપુર

વૈશ્વિક કોરોના મહામારી સમગ્ર વિશ્વ સહિત ભારત વર્ષમાં કહેર વર્તાવી રહ્યો છે.લોકોજીવન અસ્ત-વ્યસ્ત થઈ જવા પામ્યુ છે. આવા સમયે વિદ્યાર્થીઓનુ શિક્ષણકાર્ય ઉપર વિપરીત અસર પડે નહી અને ઘરે બેઠા આધુનિક ટેકનોલોજી નો સદ્ઉપયોગ શિક્ષણ મેળવી શકે તે માટે સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય પર લેવામાં આવ્યો છે.આ મુજબ શિક્ષકો પિતાના વિષયનો મુદ્દાસર અભ્યાસ વિદ્યાર્થીઓને ઓનલાઈન આપી રહ્યા છે.આ કાર્યક્રમ મુજબ સિદ્ધપુર માં વર્ચયુઅલ શિક્ષણવર્ગ શરુ કરાયા છે જેનો વિદ્યાર્થી ઘરેબેઠા સુરક્ષિત બની મહત્તમ લાભ લઈ શિક્ષણ મેળવી રહ્યા છે.આજના વિદ્યાર્થી આવતીકાલનાં દેશનુ ભવિષ્ય છે... તે અંતર્ગત સરકાર દ્વારા વિદ્યાર્થીઓનું ભણતર ન બગડે તે માટે ઓનલાઈન પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવી છે.વિદ્યાર્થીઓ નિયમિત અભ્યાસ કરી શકે અને કોરોના સંક્રમણથી પણ બચી શકે તે અંતર્ગત સિદ્ધપુરમાં અનુપમ પ્રાથમિક કુમાર શાળા નં - ૪ માં વર્ચ્યુઅલ અભ્યાસ ક્લાસ ચાલુ કરવામાં આવ્યા છે.

આ ક્લાસમાં બોર્ડ પર ઓનલાઈન ભણાવવામાં આવે છે, સાથોસાથ વિડિયો પણ બનાવવામાં આવે છે.આ વિડીયો યુટ્યુબ પર અપલોડ પણ કરવામાં આવે છે.ઉપરાંત શિક્ષકો દ્વારા દરરોજ ૩ થી ૫ વિદ્યાર્થીઓના ઘરે જઈને પ્રત્યક્ષ રીતે મોનીટરીંગ પણ કરવામાં આવે છે.શિક્ષકો દ્ધારા વિદ્યાર્થી નાં મુંઝવતા પ્રશ્નોનુ નિરાકરણ પણ કરવામાં આવે છે.

## કાયદાઓ પ્રત્યે બેદરકારી રાખનારા નાગરિકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે

# નાગરિકોને કોરોના સંક્રમણ બાબતે વધુ સાવચેત રહેવા કલેક્ટર શ્રી વિજય ખરાડીની અપીલ

અભેસિંહ રાવલ દાહોદ


દાહોદ, તા. ૬ : દાહોદ જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે કલેક્ટર શ્રી વિજય ખરાડીએ નાગરિકોને કોરોના સંક્રમણ બાબતે વધુ સાવચેતી દાખવવા જણાવ્યું છે.

તેમણે જણાવ્યું કે, જિલ્લામાં કોરોના સંક્રમણના વધુ કેસો અમદાવાદ, વડોદરા, સુરત જેવા શહેરી વિસ્તારો – કન્ટેન્ટમેન્ટ એરીયામાં જઇને પરત આવનારા નાગરિકોમાં વધુ જણાયા છે. માટે શહેરી વિસ્તારોવાળા જિલ્લામાં જવાનું ટાળવું, અનિવાર્ય કારણોસર જો જવું જ પડે તો માસ્ક, સેનિટાઈઝર જેવી તમામ સુરક્ષાની માર્ગદર્શિકાનું પાલન કરીને જ જવું. કામ પણ ઝડપથી આટોપી લઇને પરત ફરવું હિતાવહ છે. આવા નાગરિકોને જો એક બે દિવસમાં કોરોનાના લક્ષણ જણાય, તાવ-શરદી-ખાંસી જેવા લક્ષણો જણાય તો ખાનગી દવાખાનામાં સારવાર કરાવવાના સ્થાને તુરત નજીકના સરકારી દવાખાનામાં તપાસ કરાવવી જોઇએ. ઘણી વખત ખાનગી દવાખાનામાં સારવારને કારણે બે-ચાર દિવસો વેડફાઇ જતા હોય છે.

તેમણે જણાવ્યું કે, જિલ્લામાં ગીચ રહેણાંક વિસ્તારો કે સોસાયટીમાં લોકોએ ખાસ સાવચેતી રાખીને માસ્ક, સેનિટાઇઝરનો ઉપયોગ કરવો. શાકભાજી વેચતા ફેરીયાઓ, વેપાર ધંધા કરતા હોય તેઓએ પણ ઉક્ત લક્ષણો જણાય તો તુરત જ નજીકના સરકારી દવાખાના કે ઝાયડસ સીવીલ હોસ્પીટલમાં તપાસ કરાવવી જોઇએ. વેપારીઓ, ફેરીયાઓ કે કોઇ પણ ધંધો કરતા લોકો અનિવાર્યપણે માસ્ક પહેરે, હાથમોજા પહેરે અને આ બાબતે સરકારી સૂચનાઓનું ચુસ્ત પાલન કરે.

તેમણે જણાવ્યું કે, કોવીડ-૧૯ બાબતે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શીકાનું ચુસ્ત પાલન કરવું જોઇએ. જે નાગરિકો-વેપારીઓ માસ્ક, સેનિટાઇઝર, સામાજિક અંતર વગેરે નિયમોનૂ પાલન નથી કરતા તેમની સામે કડક પગલા લેવામાં આવશે. કાયદાઓ પ્રત્યે બેદરકારી રાખનાર નાગરિકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ માટે નગરપાલિકા અને પોલીસ વિભાગને પણ સૂચના આપવામાં આવી છે.

# સિદ્ધપુરમાં વર્ચ્યુઅલ અભ્યાસ ક્લાસ ચાલુ કરવામાં આવ્યો



વીઓ - વિશ્વની કોરોના એ નાગરિકોના જીવન અસ્તવ્યસ્ત કરી મૂક્યું છે અત્યારના સમયમાં કોરોના નો કેર કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે વ્યક્તિના દિલ ની અંદર ડર પણ છે અને પોતાના પરિવાર અને સમાજ માટે જીવના જોખમે રોજગારી મેળવવા માટે બજારમાં આવવું પડતું હોય છે સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય પર લેવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓનું શું ? આજના વિદ્યાર્થી દેશનું કાલનું ભવિષ્ય છે તે અંતર્ગત સરકાર દ્વારા વિદ્યાર્થીઓનું ભણતર ન બગડે તે માટે ઓનલાઈન પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવી છે તેથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં કોઈ રૂકાવટ ના થાય અને કોરોનાના સંક્રમણથી બચી શકાય તે અંતર્ગત સિદ્ધપુરમાં યુનીવર્સલ પબ્લીક સ્કુલમાં વર્ચ્યુઅલ અભ્યાસ ક્લાસ ચાલુ કરવામાં આવ્યા છે આ ક્લાસમાં બોર્ડ પર ઓનલાઈન ભણાવવામાં આવે છે અને સાથે સાથે વિડિયો પણ બનાવવામાં આવે છે આ વિડીયો youtube પર અપલોડ પણ કરવામાં આવે છે અને સાથે સાથે શિક્ષકો દ્વારા દરરોજ ૩ થી ૫ વિદ્યાર્થીઓના ઘરે જઈને પ્રત્યક્ષ રીતે મોનીટરીગ કરવામાં આવે છે અને વિદ્યાર્થીનો કોઈ પ્રશ્ન હોય તો તેનું નિરાકરણ પણ કરવામાં આવે છે. ધ્રૂવ દવે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.